ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૧૫
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૧૧/૦૫/૨૦૨૧

# // પરિપત્ર //

વિષયઃ- **નિગમ ધ્વારા ફાળવવામાં આવતા ઔદ્યોગિક પ્લોટોના કિસ્સામાં એકમ તરફથી પ્લોટોનો પ્રત્યક્ષ કબજો સંભાળેલ ન હોય તેવા પ્લોટોનો પ્રત્યક્ષ કબજો આપવા અને પ્લોટની વપરાશની સમયમર્યાદા નક્કી કરવા બાબતની પ્રવર્તમાન તા.૧૩/૦૧/૨૦૨૧ની નીતિમાં જરૂરી સુધારો કરવા બાબત.**

**સંદર્ભઃ-** (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૦૧, તા.૧૩/૦૧/૨૦૨૧.
(૨) નિગમના ઠરાવ ક્રમાંકઃ ૯૬/પ્રિ-વિતરણ/૫૧૧, તા.30/03/૨૦૨૧.

નિગમ દ્વારા ફાળવવામાં આવતા પ્લોટમાં એકમ દ્વારા ફાળવણીપત્રની પૂર્તતા થતાં કરારખત કાર્યાન્વિત કરી પ્લોટનો પ્રત્યક્ષ કબજો સોંપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે અને એકમ દ્વારા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી પાસેથી પ્લોટનો પ્રત્યક્ષ કબજો સંભાળી પ્લોટના વપરાશની કામગીરી કરવામાં આવે છે. સમયાંતરે એવું ધ્યાને આવેલ છે કે, ઘણાં કિસ્સાઓમાં પ્લોટની ફાળવણી કર્યા બાદ અને ફાળવણીપત્રની પૂર્તતા થયા બાદ ક્ષેત્રિય કચેરી ધ્વારા ફાળવેલ પ્લોટના કરારખત કર્યાન્વિત કરી પઝેશન એડવાઇઝ જારી કરવામાં આવે છે પણ એકમ દ્વારા કોઇ કારણસર સમયમર્યાદામાં પ્લોટનો પ્રત્યક્ષ કબજો લેવામાં આવતો નથી. આવા કિસ્સાઓ માટે વારંવાર નિગમને રજૂઆતો મળતી રહે છે.

ઉપરોકત બાબતે નિગમ ધ્વારા સંદર્ભ (૧) થી નીતિ જારી કરવામાં આવેલ. જે અન્વયે મળેલ રજૂઆતને ધ્યાને લઇ, સદર નીતિમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

“ફાળવણીપત્ર જારી કર્યાના ૬૦(સાઇઠ) દિવસની સમયમર્યાદામાં ફાળવણીપત્રની શરતો મુજબ ડાઉન પેમેન્ટ ભરપાઇ કરેલ હોય તેમજ તા.૧૩/૦૧/૨૦૨૧ની સ્થિતિએ પ્લોટ પેટે ૧૦૦ ટકા રકમની ચૂકવણી થઇ ગયેલ હોય અથવા ઉકત સ્થિતિએ નિયમિત રીતે ત્રિમાસિક હપ્તાઓનું ચૂકવણું ચાલુ હોય તેવા કિસ્સાઓમાં ફાળવણીપત્રમાં દર્શાવેલ પ્લોટ ઉપયોગની સમયમર્યાદા ધ્યાનમાં લેવી તથા તા.૩૧/03/૨૦૨૨ અથવા મળવાપાત્ર વપરાશની સમયમર્યાદા બેમાંથી જે મોડુ હોય તે વપરાશની સમયમર્યાદા તરીકે ગણવી અને જો એકમ સદર સમયગાળા દરમ્યાન પ્લોટનો વપરાશ કરે તો વણવપરાશી દંડની રકમ વસુલવી નહીં

અને આ બાબતનું બાંહેધરીખત મેળવવું. સદર નીતિ અંતર્ગત <u>તા.૩૧/૦૫/૨૦૨૧</u> સુધી અરજી મળ્યેથી પ્રત્યક્ષ કબજો સોંપવાનો રહેશે."

ઉપરોકત સૂચનાઓનું નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પ્રિ-વિતરણ)ને પાઠવવી.

**સહી/-**
**(એમ. થેન્નારસન)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**<u>નકલ જયભારત સહ રવાના:-</u>**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યું**

મેનેજર (મહેકમ)
જીઆઇડીસી, ગાંધીનગર.